# સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન અમદાવાદ શહેર

**મીલ્કત સંબધી ગુના કરવાની ટેવવાળા અને લુંટમા સંડોવાયેલ આરોપીને સી.સી.ટી.વી કેમેરાની ફુટેજ આધારે ઓળખ કરી બાતમી આધારે મુદામાલ સાથે આરોપીને પકડી ઝબ્બે કરતી સોલા હાઈકોર્ટ પોલીસ**

શ્રી એ.કે.સિંઘ સાહેબ, પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓના હુકમથી તથા શ્રી અમીત વિશ્વકર્મા સાહેબ સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૧ તથા શ્રી પી.એલ.માલ સાહેબ નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૧ તથા શ્રી એમ.એ.પટેલ સાહેબ મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી એ-ડીવીઝન નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ પોલીસ સ્ટેશન વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે સારૂ "જાહેર સલામતી અને વ્યવસ્થા" વિરુધ્ધના કૃત્યો અટકાવવા કરેલ હુકમ આધારે સી.પોલીસ ઇન્સ્પેક્ટર જે.પી.જાડેજા નાઓના સુપરવિઝન હેઠળ સોલા હા.પો.સ્ટે. ફસ્ટ ગુ.ર.નં.૪૬૬/૨૦૧૯ ઇપીકો કલમ ૩૯૨, ૧૧૪ મુજબનો ગુનો દાખલ થયેલ હોય જે ગુનાની એમ.ઓ. અંગેનો અભ્યાસ કરી ને  સી.સી.ટી.વી ફુટેજ મેળવી આરોપીએ ગુનામા વાપરેલ વાહનની ઓળખ કરી સર્વેલન્સ સ્કોડ પો.સ.ઇ ડી.આર.ગઢવી તથા સ્ટાફના હે.કો રઘુવીરસિંહ પ્રતાપસિંહ તથા પો.કો નરેશકુમાર ફતાભાઇ નાઓની સંયુક્ત બાતમી આધારે નીચે જણાવેલ અરોપીને મુદામાલ સાથે પકડી પાડી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

આરોપી:

દિપક ઓમપ્રકાશ ગુપ્તા ઉ.વ.૩૨ રહે.૩૮૦૫, ઇન્દીરા આવાસ, હુડકોના મકાનમા, ખોરજ- ખોડીયાર, અડાલજ, જી.અમદાવાદ મૂળ મ.નં.૧૨૪ બીજાશેન કોલોની, પિછોર, તા.પિછોર, જી.શીવપુર

મુદામાલ : (૧) એક વાદળી કલરનો ઇટેલ કંપનીનો મો.ફોન જેની કિ.રૂ.૫૦૦/- ગણી શકાય (૨) એક વિવો કંપનીનો વાદળી કલરનો મો.ફોન કિ.રૂ.૧૦,૦૦૦/- ગણી શકાય. (૩) ગુનામા વાપરેલ મારૂતી ઇકો કાર જોતા ગ્રે કલરની જેના આગળ-પાછળ આર.ટી.ઓ.નં. જી.જે-૧-આર.જી.-૭૮૨૭ ની જણાયેલ જેના એ.નં.G12WBN332514 તથા ચે.નં.MA3ERLF1S00356616 નો જણાયેલ જેની કિ.રૂ.૨,૦૦,૦૦૦/- ની ગણી શકાય.

M.O. - આરોપીઓ હૂબહૂ નોટના બંડલ જેવી દેખાતી વસ્તુ રાખી, રસ્તે પરથી જતા સામાન્ય માણસને પૈસા ની લાલચમાં ભોળવી ઓરીજનલ પૈસા અથવા સોનાના ઘરેણા  છીનવી લઈ/લૂંટી લઈ સામે ખોટું નોટનું બંડલ આપી દઈ છેતરપિંડી કરવાની એમ.ઓ.ધરાવે છે.

આવી પ્રકારની M.O.થી આરોપીએ અલગ અલગ 08 જગ્યા એ આવા ગુના ને અંજામ આપ્યો હોવાની કબૂલાત આપેલ છે, જે બાબતે વિશેષ તપાસ ચાલુ માં છે

આ કામગીરીમા સુપરવિઝન જે.પી.જાડેજા પોલીસ ઈન્સ્પેકટર, તથા સર્વે સ્કોડ પો.સ.ઇ ડી.આર.ગઢવી અને સ્ટાફના માણસો સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશનના જોડાયેલા હતા.